શાંત સુધારસસ્વરૂપ, અતીન્દ્રિય આનંદામૃતના નિત્ય ભોજી, અલ્પકાળમાં અનંત ચતુષ્ટયસ્વરૂપે પરિણમનાર, મુમુક્ષુજીવના આદર્શ એવા ધન્યાવતાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેહનના ૧૦૫મા મંગલકારી જન્મોત્સવ પ્રસંગે અત્યંત વિનમ્રભાવે દાસત્વભાવે કોટિ કોટિ વંદન...



સામાન્ય રીતે તો છેલ્લા–છેલ્લા ૨૦૦–૪૦૦ વર્ષમાં થયેલા જેટલા જ્ઞાનીઓ પ્રસિદ્ધ છે એમાં આટલી નાની ઉંમરમાં આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી હોય, સમ્યગ્દર્શન–સ્વાનુભવની પ્રાપ્તિ કરી હોય એવો આ એક રેકોર્ડનો વિષય ગણવો જોઈએ.

– પૂજ્ય ભાઈશ્રી (અધ્યાત્મસુધા ભાગ-૧, પૃષ્ઠ સંખ્યા-૨૮૯)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૫ : અંક-૨૪૯, વર્ષ-૨૩, ઓગસ્ટ-૨૦૧૮

## અષાઢ સુદ ૧૦, સોમવાર, તા.૨૭-૦૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૫૪, પ્રવચન-૧૯

૫૪. **'ઇન્દ્રિય અને મનના નિરોધથી સહજપણે આત્માનુભવ થાય છે.'**

**मणु-इंदिहि वि छोडियइ बहु पुच्छियइ ण कोइ।**
**राहयँ पसरु णिवारियइ सहज उपज्जइ सोइ।।५४।।**

મન, ઇન્દ્રિયને દૂર કર. આવે છે ને? છે ને એમાં? એ ટૂંકામાં ટૂંકી વાત, ભગવાનઆત્મા અખંડાનંદ પ્રભુ છે, એને મન અને ઇન્દ્રિયથી દૂર કર ને અનુભવ કર. એ કરવાનું છે. **'શું બહુ પૂછે વાત?'** બહુ મોટી મોટી વાતું પૂછે ને આ કરે ને આ કરે, પણ આ સાર તો કાઢતો નથી. કહો, સમજાણું કાંઈ? **'શું બહુ પૂછે વાત?'** એમ આવ્યું કે નહિ અંદર? હેં? આખો દિ' પૂછ્યા પૂછ, પૂછ્યા પૂછ, પૂછ્યા પૂછ (કરે), પણ શું પૂછીને કરવું છે? હેં?

મુમુક્ષુ : સ્પષ્ટ થાય.

ઉત્તર : શું સ્પષ્ટ થાય. કરવાનું તો આ છે. ઈ સ્પષ્ટ શું થયું?

અહીં પાઠ છે ને? **'बहु पुच्छियइ ण कोइ'** બહુ પૂછ્યા પૂછ કરે આખો દિ', કે આનું આમ છે ને આનું આમ છે ને આનું આમ છે ને આનું આમ છે. એટલે ઈ સમ્યગ્દર્શન થઈ ગયું? અને સમ્યગ્જ્ઞાન એને લઈને નિર્મળ થઈ ગયું? એમ નથી. **'राहयँ पसरु णिवारियइ'** જુઓ! કહે છે, ત્રણ વાત કરી. ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એને મન અને ઇન્દ્રિયથી હટાવી અને રાગ દૂર કરીને અંતરમાં એકાકાર થવું એ કરવા જેવું મોક્ષને માટે છે. મન અને ઇન્દ્રિયથી હટાવી, અંતર જવું અને રાગને દૂર કરીને વીતરાગદૃષ્ટિ કરવી. આહાહા..! ધમાલ (આડે) પણ આ સૂઝે એવું નથી. આ 'શેત્રુંજય'ની જાત્રા ને હો..હો..હો..હો...! ભાઈ! મોટી ધર્મશાળાઓ, દસ-દસ હજાર માણસો આવે... આહાહા..! ધર્મ.. ધર્મ.. ધર્મ. જાણે ધર્મ ન્યાં લૂંટાતો હશે! ક્યાં ધર્મ છે? સમજાણું કાંઈ? એ તો જરી રાગની મંદતા હોય તો શુભભાવ થાય. ભક્તિ ને જાત્રામાં ધર્મ-બર્મ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ : કોઈ જાત્રા કરશે નહિ.

ઉત્તર : કોણ કરે છે? ભાવ આવ્યા વિના રહેશે નહિ, આવશે ત્યારે. હમણા કહેતા હતા કાલે, હોં! કે, અમે વિનંતી કરવા આવવાના છીએ. એ..ઈ...! મેં કીધું, હવે, **'હમણાં શરીર-બરીર કામ કરતું નથી. હવે આપણું મન..'** **'ના, અમે આવશું.'** કહે. ભાઈ ને બે-ચાર-પાંચ આવીને (કહે), 'પાલીતાણા' આવ્યા સોળ વર્ષ થઈ ગયા. એકવાર તો આવો, પધારો. લ્યો! આને હજી નજીક લાગે છે.

અહીં તો કહે છે કે, આ જાત્રા કરવાની મોટી જાત્રા એ કે, આ ભગવાનઆત્મા અનંત શાંતરસનો

પિંડ (છે). આ મન અને ઈન્દ્રિય દૂર કરીને, રાગ હટાવીને અંદર ઠરવું એ મોટી જાત્રા છે. આહાહા..! એ..ઈ...! એ તો શુભભાવ હોય છે પણ એ કંઈ ધર્મ છે અને એને કારણે અંતર આત્મસન્મુખ જવાય છે, એ વાતમાં કાંઈ માલ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભક્તિ, જાત્રા હોય છે પણ એનું પરિણામ શુભભાવ જેટલું છે. સમજાણું કાંઈ? પણ એ શુભભાવ થયો માટે આત્મસન્મુખ જવાશે, એમ નથી. એની બેયની દશા અને દિશાફેર છે. આહાહા..! એક જણાએ ભક્તિ, પૂજા, જાત્રા શુભભાવ છે એ આખું ઉથાપી નાખ્યું. (કેમકે) જ્યાં સુધી સ્વરૂપમાં ઠરી શકે નહિ ત્યાં સુધી એવા ભાવ આવે પણ એ ભાવ વડે ધર્મ થાય, એ ભાવ વડે ધર્મનું કારણ થાય એ વાતમાં માલ નથી. આરે.. આરે...! ભારે વાત પણ. છે ને?

'**બુદ્ધિમાન મન અને ઈન્દ્રિયોથી છૂટકારો પામે...**' ભગવાનઆત્મા મન અને ઈન્દ્રિયોથી હટી જાય એ એણે કરવાનું છે. '**તો કોઈનેય કાંઈ પૂછવાની જરૂર રહે નહિ.**' કંઈ પૂછવાની જરૂર નથી. ઈ તો આવે છે ને? '**નિર્જરા (અધિકાર)'માં આવે છે. 'નિર્જરા (અધિકાર)**' ૨૦૬ (ગાથા). શું બહુ પૂછવાનું કામ છે તારે? અંદર જાને! એ..ઈ...! આહાહા! પછી કરીને તો આ કરવાનું છે એ તો તું કરતો નથી, આખો દિ' પૂછ પૂછ કરે (છે), શું છે પણ એમાં? આહાહા..! ભગવાન ચિદાનંદમૂર્તિ આત્મા અખંડ પ્રભુ, સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે આત્મા જોયો, એવા આત્માની અંતરમાં ઠરવું, ષ્ટિ કરીને ઠરવું એ મુખ્ય ધર્મનું કર્તવ્ય અને કાર્ય



છે. હવે આ કરતો નથી ને આખો દિ' પૂછ પૂછ કરે કે, આનું કેમ ને આનું કેમ? બધું એનું (એમ કે) અંદર ઠર ઈ. લે! સમજાણું કાંઈ? એ બહારથી કોઈ ક્રિયાકાંડથી કે પૂજા, ભક્તિથી (કે) 'શેત્રુંજય'ની લાખ જાત્રા કરે, કરોડ કરે 'સમેદશીખર'ની, એમાંથી આત્મા પ્રાપ્ત થાય એવો નથી. કહો, ભાઈ! શું હશે?

કહે છે કે, રાગનો ફેલાવો દૂર કર. લ્યો! જુઓ! આત્માના સ્વભાવ ઉપર એકાગ્ર થતાં આત્માની શાંતિનો વિસ્તાર થાય. રાગનો વિસ્તાર ઘટે અને અરાગનો વિસ્તાર થાય. આહાહા..! શુભરાગનો વિસ્તાર પણ ઘટે, એમ અહીં તો કહે છે. સમજાણું કાંઈ? આનંદમૂર્તિ પ્રભુઆત્મા છે. નિત્યાનંદ આત્મા અંદર છે, એ નિત્યાનંદમાં આનંદમાં એકાગ્ર થતાં આનંદનો ફેલાવો થાય. રાગનો વિસ્તાર ઘટે એ વસ્તુ કર્તવ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? 'ત્યારે આ આત્મજ્ઞાન સહજ જ ઉત્પન્ન થઈ જાય છે.'

'**શાસ્ત્રના રહસ્યને જાણનારાએ, જે વ્યવહાર નિશ્ચયનયથી અથવા દ્રવ્યાર્થિક પર્યાયાર્થિકનયથી છ દ્રવ્યોનું સ્વરૂપ સારી રીતે...**' જાણીને આત્મા તરફનો ઉપયોગ લગાવવો જોઈએ. '**આત્માધીન નિશ્ચય ચારિત્રના લાભ માટે ઉપયોગને (તેમણે) મન અને ઈન્દ્રિયો તરફ જતો રોકવો જોઈએ.**' લ્યો! '**ઈન્દ્રિયોના વિષયોની તૃષ્ણા મટાડવી જોઈએ...**' વગેરે વગેરે ઘણી વાત છે. પૂછપરછ કરવાની શું જરૂર છે? વગેરે એણે નાખ્યું છે. '**વાસ્તવમાં જેને અનુભવ કરવાનો છે તે પોતે જ છે.**' શું કહે છે? અનુભવ

આત્માનો ધર્મ કરનાર તો પોતે જ છે. અનુભવ કરનાર આત્મા છે. આત્મા પોતે છે એને પર પાસેથી ક્યાં કંઈ લેવું છે? સમજાણું કાંઈ? પોતે જ અનુભવ કરનાર અને પોતે જ અનુભવનો આનંદ લેનાર. એમાં પરને પૂછીને ક્યાં અંદરમાં મળે એવું છે? આહાહા..! બહુ પૂછે વાત, હોં! સાધારણ વાત જાણવાની જરૂર છે, એમ કહે છે. 'વાસ્તવમાં જેને અનુભવ કરવાનો છે તે પોતે જ છે.'

**'આત્માના આનંદની ગાઢ શ્રદ્ધા સર્વ આત્મા અથવા પરપદાર્થના આશ્રિત સુખ પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન કરી દે છે.'** લ્યો! આ આત્માની શ્રદ્ધા કે હું આનંદ છું, એ શ્રદ્ધા પર આત્મા ને પર શરીરાદિમાં આનંદ છે, એ બુદ્ધિનો નાશ થઈ જાય છે. ગાઢ શ્રદ્ધા આત્મામાં થતાં આત્મા આનંદ અને અનાકુળ શાંત ને શાંતિનો ડુંગર પોતે છે, એમ ભગવાનઆત્માની પ્રતીત ગાઢ થતાં આત્મા સિવાય બીજા આત્મા અને બીજા પુદ્ગલમાં સુખબુદ્ધિનો નાશ થઈ જાય છે. કહો, સમજાણું? **'બીજા પુદ્ગલ'** શબ્દે આ પૈસાધૂળ, બાયડી, છોકરા. એ ધૂળમાં ક્યાંય સુખ છે નહિ. સમજાણું કાંઈ? એ ૫૪ (ગાથા પૂરી) થઈ.

## ધન્ય અવતાર !
## પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સંબંધી પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ઉદ્ગારો

બેન વિદેહથી આવ્યા છે. એમને તો અસંખ્ય અબજ વર્ષનું જાતિસ્મરણજ્ઞાન છે. અસંખ્ય અબજ વર્ષની વાત, કાલની આજ દેખાય તેમ દેખાય છે. ....આત્મજાતિનું જ્ઞાન થવું તે યથાર્થ જાતિસ્મરણ છે–અનંત અનંત ગુણોનો નાથ તેનું જ્ઞાન અંદરમાં હોવું તે (પરમાર્થ) જાતિસ્મરણ છે. (૫૧)

❈

તા.૧૯–૮–૮૦

બેનને ખબર નહિ કે કોઈ લખી લેશે. એમને બહાર પડવાનો જરા પણ ભાવ નહિ. ધર્મરતન છે, ભગવતી છે, ભગવતીસ્વરૂપ માતા છે. (એમનાં આ વચનો) આનંદમાંથી નીકળ્યાં છે. ભાષા મીઠી આવી ગઈ છે. (૫૨)

❈

બેન અત્યાર સુધી ગુપ્ત હતાં. હવે ઢાંક્યું નહિ રહે–છાનું નહિ રહે. એમનાં વચનો તે ભગવાનની વાણી છે, તેમના ઘરનું કાંઈ નથી - દિવ્ય-ધ્વનિ છે. બેન તો મહાવિદેહથી આવ્યાં છે. આ વચનામૃત લોકો વાંચશે, વિચારશે, ત્યારે ખ્યાલ આવશે આ કેવું પુસ્તક છે! એકલું માખણ છે. (૫૩)

❈

તા.૧૯–૨–૭૮

(બેનની) આ વાણી તો આત્માના અનુભવમાં–આનંદમાં રહેતાં રહેતાં આવી ગઈ છે. અમે ભગવાન પાસે પૂર્વે હતા. બહુ ઊંચી વાત છે. અત્યારે આ વાત બીજે ક્યાંય નથી. બેન (ચંપાબેન) તો સંસારથી મરી ગયાં છે. અપૂર્વ વાત છે બાપુ! (૫૪)

❈

બેનનું પુસ્તક તો એવું બહાર પડ્યું છે કે મારા હિસાબેતો બધાને ભેટ દેવું જોઈએ. બહુ સાદી–

બાળક જેવી ભાષા; સંસ્કૃત ભાષા નહિ. બહુ જોરદાર ગંભીર વાતો એમાં છે. (૫૫)

અહાહા! આ આવી ચીજ લોકોનાં ભાગ્યે બહાર આવી ગઈ. પોકાર કર્યો છે એમાં આત્માનો. બેનનો ફોટો છે ઉપર-ઘણો સારો; શાન્ત-શાન્ત!! (૫૬)

બેન તો બેન જ છે. એના જેવું બીજું કોઈ નથી. અહીં ક્યાં અમારે કાંઈ છાનું રાખવું છે! બેન તો અજોડ છે, અકેલા હી હૈ. અમારે ખાનગી-ગુપ્ત છે નહિ. (૫૭)

બેનના પુસ્તકમાં બહુ ટૂંકું ને માલ-માલ છે. અન્યદર્શનીઓને પણ ગમે તેવું છે. ...અરે! એમાં તો તારી મહિમા ને મોટપની વાતો છે. મુનિઓની વાત કેવી લીધી છે! - 'મુનિઓને બહાર આવવું એ બોજો લાગે છે.' આ પુસ્તક બહાર આવ્યું એ ઘણું જ સરસ! અંદર થોડામાં ઘણી વાતો છે. (૫૮)

બેન તો એક અદ્‌ભુત રતન પાક્યાં છે. શક્તિ અદ્‌ભુત છે. અતીન્દ્રિય આનંદના વેદનમાં એને કાંઈ પડી નથી. હિન્દુસ્તાનમાં એમના જેવો કોઈ આત્મા નથી. આ પુસ્તક બહાર પડ્યું એટલે કાંઈક ખબર પડે. (૫૯)

ચંપાબેન એટલે કોણ?! એમનો અનુભવ, એમનું જ્ઞાન, સમતા અલૌકિક છે. ...સ્ત્રીનો દેહ આવી ગયો છે. પણ અંતરમાં અતીન્દ્રિય આનંદની લહેરમાં પડ્યાં છે; એમાંથી વાણી નીકળી છે.-આ, એમની વાણીનું પ્રમાણપણું છે. (૬૦)

બેન અલૌકિક ચીજ છે; દેહથી ભિન્ન અને રાગથી ભિન્ન આત્માને અનુભવે છે. એને (બહારમાં) ક્યાંય મજા પડતી નથી. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે. (૬૧)

વિ.સં.૨૦૩૦

(શ્રાવણ વદ ૧૪ના દિને પંડિત શ્રી હિંમતભાઈના ઘરે આહાર કરવા પધાર્યા ત્યારે-)

પૂજ્ય ગુરુદેવ :- હિંમતભાઈ! જુઓને, લોકોને કેટલા ભાવ છે બેન ઉપર! બીજના ટાણે કેટલું બધું માણસ આવ્યું'તું!

પૂ. બહેનશ્રી (અતિ નરમાશથી) :- સાહેબ! મારે તો આત્માનું કરવું છે. એ તો બધી ઉપાધિ લાગે છે.

પૂજ્ય ગુરુદેવ :- બેનબા! તમારે શું છે? તમારે તો બધું જોયા કરવું. મારા હિસાબે તો હજી ઓછું થાય છે. તમારા માટે તો લોકો જેટલું કરે તેટલું થોડું છે. (૬૨)

વિ.સં.૨૦૩૦

એક સ્ત્રીનો દેહ આવી ગયો, નહિતર (બેન) દૂર એક ક્ષણ ન રહે. ...કેટલીક શબ્દની શૈલી તો એમના ઘરની, નિવૃત્તિની છે. સાદી ભાષા બહુ, ચાર ચોપડી ભણેલાને બેસી જાય એવી છે. (૬૩)



## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૨૩)

કલકત્તા
૧૩-૮-૬૧

ૐ શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

**ધર્મસ્નેહી... સોનગઢ.**

આપનો પત્ર મળ્યો હતો. મારે સોનગઢ આવીને 'શ્રી ગુરુદેવ'ની વાણીનો લાભ લેવા માટે લખ્યું તે જાણ્યું. હું કદાચ સપ્ટેમ્બરના અંતમાં ત્યાં આવી શકીશ, તે પહેલાં આવવાનું થાય-એમ જણાતું નથી.

મને આપના પહેલાંના પત્રો મળ્યા નથી, કારણ સમજમાં આવ્યું નથી.

આશા છે કે, 'ગુરુદેવ' સુખશાંતિમાં બિરાજતા હશે. **આપનો નિહાલચંદ્ર સોગાની**

(૨૪)

કલકત્તા, ૧૩-૮-૬૧

ચૈતન્યમૂર્તિ શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

**આત્માર્થી... સોનગઢ, ધર્મસ્નેહ.**

આપનો વાત્સલ્યયુક્ત પત્ર સમયસર મળ્યો. ભરતખંડનો અલૌકિક 'કર્ત્તા-કર્મ અધિકાર', આત્મરસથી ઓતપ્રોત વક્તા, સાધક મુમુક્ષુગણ શ્રોતાઓ, જિનાલયની સામૂહિક ભક્તિ, નિરંતર અમૃતવાણીથી સંસ્કારિત એવું તૃપ્ત ભૂમિસ્થાન, સમવસરણનું દૃશ્ય વગેરે પુણ્યહીનને સંભવતાં નથી, આથી વિયોગ છે. લાભ પ્રાપ્ત કરવાની રાહમાં છું.

પૂજ્ય 'ગુરુદેવ' કહે છે કે, 'બહુમાન વગેરેના શુભ રાગનો મહિમા ન આવતાં, ઉત્કૃષ્ટ ચિદાનંદ સ્વભાવના અનુપમ મહિમાના દૃઢ નિર્ણયનું પરાક્રમ થતાં અંતર સ્વભાવમાં વલણ થાય છે.' સ્વરૂપ સીમાનું ઉલ્લંઘન થતાં (વિભાવરૂપ પરિણમન થતાં ઉત્પન્ન) પૂર્વ ઉદય, અખંડસ્વરૂપ સંસ્થાનમાં દોટ મૂકતાં, સીમાનો (આત્મસ્વભાવની સીમાનો) સ્પર્શ થાય એ પહેલાં જ ભયભીત થઈને નિરાશ્રય અને લથડિયાં ખાતો પડવા માંડે છે. ક્રમે ક્રમે પૂર્ણતા થવાની, સુખ-શાંતિના અનુભવ પૂર્વક નિઃશંકતા વૃદ્ધિ પામે છે. બળવાનને બધા સાથ આપે છે. સાધકનું અખંડ બળ જાગૃત થતાં જ અચેતન પુદ્‌ગલાદિ અખંડ સ્વરૂપાકાર બનીને (વ્યવહારે) સહાયક થવા માંડે છે.

પત્રોત્તર મળવો, નહીં મળવો અગર વિલંબ થવો વગેરે બધું ભૂલી જવા જેવું છે. જ્ઞાનાનંદસ્વભાવની અનુભૂતિમાં ભંગ પડતાં લખવા વગેરેનો વિકલ્પ ઊઠે છે, તે બધું તો સ્વરૂપથી બહાર નીકળતાં જ પ્રત્યક્ષ પાગલપણાની જડ દશાનો અનુભવ કરાવે છે. જડથી જડના સંબોધનમાં ચેતનને કોઈ લાભ નથી.

વર્તમાન પર્યાયમાં પહેલાંના અને પછીના સમયના પર્યાયનું જ્ઞાન વિદ્યમાન છે, તો પછી સ્મરણ અને મનનનો બોજો ઉપાડવો વ્યર્થ છે. શુભ યોગમાં પણ થાકનો અનુભવ કરનારા જીવની લૌકિક યોગની તીવ્ર દુઃખ - દશા પર હે કરુણાસિંધુ ! કરુણા કરો, દયા કરો - એ જ વિનંતિ.

પર્યાય જ પર્યાયનો કર્તા છે, ત્રિકાળી અંશ અથવા આખું દ્રવ્ય નહીં. આ કર્ત્તા-કર્મની ચરમ સીમા છે. આથી પર્યાયમાં એકાકાર થવું યોગ્ય નથી. નિરંતર સમાધિ ઇચ્છુકના સર્વેને યથાયોગ્ય.

**ધર્મસ્નેહી નિહાલચંદ્ર**



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૯૭૩ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૦૮-૦૭-૧૯૮૫, પ્રવચન નં. ૫૮૧ (વિષય : વિધિ)**

**નિર્વિકલ્પ દશા થવા અર્થે નવ તત્ત્વોનો વિકલ્પ છોડવાની વાત કરી છે. નવ તત્ત્વોનું જ્ઞાન છે પણ નવ તત્ત્વોનાં ભેદનાં લક્ષે રાગ થાય છે તેથી તે છોડવાની વાત કરી છે. જ્ઞાન નવને જાણે તે રાગનું કારણ નથી, તે તો નિશ્ચય સમકિત છે. નવનું જ્ઞાન યથાર્થ કર્યું છે. પણ નવનાં વિકલ્પો ઉઠતા હતા તેનો નિષેધ કર્યો છે. ૯૭૩.**

... સમ્યગ્દર્શનરૂપ છે. એની વિસ્તારથી ચર્ચા થઈ ગઈ. ૯૬૫થી આ વિષય ઉપાડ્યો છે. હવે એક બીજી વાત કહે છે અહીંયાં. '**નિર્વિકલ્પ દશા થવા અર્થે નવ તત્ત્વોનો વિકલ્પ છોડવાની વાત કરી છે.**' શું કહે છે? આ જરા અહીંયાં થોડો સૂક્ષ્મ વિષય છે. કે આગળ એવું સ્થાપ્યું કે કોઈ નવની વાત ઉડાડે એકલું આત્માનું શ્રદ્ધાન કરે તો કેવી રીતે ભૂલ કરી જાય છે? એ વાત ૯૭૧માં કરી ગયા કે જ્યાં એને '**સાતને (તત્ત્વ) જાણ્યા વિના આત્માની શ્રદ્ધા થતી નથી.**'

હવે એક શાસ્ત્ર કથન એવું પણ આવે છે કે '**નિર્વિકલ્પ દશા થવા અર્થે નવ તત્ત્વોનો વિકલ્પ છોડવો...**' નિયમસારની ૩૮મી ગાથા છે કે આ હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે કે જેમાં નવ તત્ત્વો હેય છે અને એક શુદ્ધાત્મા ઉપાદેય છે. આવે છે એ વાત? નવ તત્ત્વ હેય છે એમ કહ્યું છે. હેય-ઉપાદેયની વિવિક્ષામાં તો સંવર, નિર્જરા, મોક્ષ તત્ત્વો ઉપાદેય છે. આસ્રવ, બંધ, પુણ્ય, પાપ તત્ત્વ હેય છે. પણ વિકલ્પ એના છોડવા અર્થે અને નિર્વિકલ્પ દશા થવા અર્થે પ્રયોજન કેવી રીતે છે? નવ તત્ત્વોનો વિકલ્પ છોડવાની વાત કરી છે.

હવે ત્રીજી લીટીમાં એક વાત છે કે '**જ્ઞાન નવને જાણે તે રાગનું કારણ નથી, તે તો નિશ્ચય સમકિત છે.**' અહીં શું સૂક્ષ્મતા છે વિષયની? કે નવ તત્ત્વ સંબંધીનું જ્ઞાનમાં ભાવભાસન થાય, કોઈને ભાવ ઉત્પન્ન થતાં, રાગભાવ ઉત્પન્ન થતાં આસ્રવ અને બંધ છે એવું જ્ઞાન થાય, એવું જ્ઞાન થતાં ત્યાંથી ખસવાનું વલણ પણ થાય તો એ તો નિશ્ચય સમકિત છે, એ તો નિશ્ચય મોક્ષમાર્ગ છે. તો અહીંયાં સૂક્ષ્મતા શું છે? કે નવ તત્ત્વના વિકલ્પ છોડવાની વાત છે. જ્યાં નવ તત્ત્વોનું જ્ઞાન છે, પણ નવ તત્ત્વોના ભેદને લક્ષે રાગ થાય છે તેથી તે છોડવાની વાત કરી છે.

શું કહે છે? કે આ તો નવ તત્ત્વનો વિષય છે કે નવ તત્ત્વનું લક્ષ જતાં ભેદ પડે અને રાગની ઉત્પત્તિ થાય, તો રાગ તો છોડવા જેવો છે અને ત્યારે જ એને નવ તત્ત્વનું જ્ઞાન યથાર્થ કર્યું ગણાય. કેમ કે નવ તત્ત્વમાં પણ રાગ આસ્રવ-બંધમાં જાય છે. આ તો નવના ભેદના લક્ષે રાગ છે તે ઉપાદેય નથી, પણ આત્માના લક્ષે રાગ થાય એ પણ ઉપાદેય નથી.

આ તો બીજો વિચાર આવ્યો કે આ તો ભેદવાળા ભાવો છે. નવ તો નવ પ્રકારના ભેદવાળા ભાવો છે અને ભેદવાળા ભાવો વિકલ્પનું નિમિત્ત થાય ત્યાં રાગ હેય છે, રાગ છોડવા યોગ્ય છે પણ અભેદ આત્માના લક્ષે પણ રાગનો વિકલ્પ થાય કે હું અભેદ છું, એક છું, અખંડ છું, એકરૂપ છું એ પણ છોડાવ્યો છે. તો નવના ભેદનો તો સ્થૂળ રાગ છે. જે સૂક્ષ્મ સ્વભાવ છે, અખંડ અભેદ સ્વભાવ છે એનું લક્ષ થતાં પણ જો રાગાંશની ઉત્પત્તિ થાય તો એ રાગ ત્યાં પણ છોડાવ્યો છે. તો નવના લક્ષે તો રાગ નથી છોડાવાનો ક્યાં પ્રશ્ન છે? એ પણ છોડાવે જ છે.

રાગ સર્વત્ર હેય છે એ એમાંથી સિદ્ધાંત નીકળે છે. વીતરાગતાની પ્રાપ્તિ અર્થે, વીતરાગતાનું ઉપાર્જન કરવું હોય તો એને રાગ છૂટ્યે જ વીતરાગતા થાય. રાગ પણ રહે અને રાગ પણ રાખે અને વીતરાગતા પણ કરે, રાગ પણ કરે અને વીતરાગતા પણ કરે, બે વાતનો મેળ નથી.

જુઓ! એ ૯૭જમાં વાત કરી છે કે '**ભક્તિ આદિનો રાગ તો મુનિને પણ આવે છે,...**' બીજી લીટીથી. '**છતાં નિચલી ભૂમિકામાં તે રાગ હોતો નથી એમ માને તે નિશ્ચયાભાસી છે,...**' મુનિ દશા પર્યંત ભગવાનની ભક્તિ, સ્તુતિ, વંદનાનો રાગ આવે છે. કેવળીને ન હોય. હવે એમ માને કે ત્યાં એ રાગ ન હોય તો એ નિશ્ચયાભાસી છે. એમ જે-તે ભૂમિકામાં, જે-તે પ્રકારના રાગનું સ્થાન છે, જ્યાં જેનો જે વ્યવહાર ગણાય છે એ જો ન આવે તો એ નિશ્ચયાભાસી છે. પણ નિશ્ચયાભાસી ન થવાય માટે કૃત્રિમપણે એ રાગ કરવો એમ કરે તો તે વ્યવહારાભાસી છે. આ વિષય કેટલો સૂક્ષ્મ છે! લીધું છે જોકે આગળ. '**અને રાગ થાય છે એને આદરણીય માને તો તે વ્યવહારાભાસી છે, તે બન્ને મિથ્યાદષ્ટિ છે.**' બન્ને ભૂલમાં છે. બન્ને મિથ્યાદષ્ટિ છે. આવો વિષય છે અહીંયાં. રાગ કરવો એમ પણ નહિ અને ભૂમિકાનો રાગ ન આવે એમ પણ ચાલે નહિ. આમ છે. આવો મોક્ષમાર્ગ છે.

એટલે અહીંયાં એક વિષય એવો આવે છે. સમ્યક્ સન્મુખમાં એવો એક વિષય આવે છે કે જે જીવને પોતાના અનંતગુણ સમૃદ્ધ નિજ સ્વરૂપનું ભાવભાસન થાય છે, તે અનંત મહિમાવંત સ્વરૂપનો મહિમા એને ઉપજ્યા વગર રહે નહિ. ત્યારે જ એને ખરો આત્મ સ્વરૂપનો મહિમા આવે છે. એવો અપૂર્વ મહિમા ઉત્પન્ન થાય, એવો અપૂર્વ મહિમા ઉત્પન્ન થાય કે એ સ્વરૂપ ભાસતા એ મહિમા તો એનું ઘર કરી જાય. પછી એ ઘર છોડે નહિ. છતાં પણ ત્યાં મહિમામાં આગળ વધે પણ રાગમાં આગળ વધવાનું નથી. હજી ત્યાં સરાગપણું છે, નિર્વિકલ્પ દશા નથી થઈ સન્મુખમાં. તો રાગ થશે. રાગ થશે ત્યાં એમ કહ્યું કે નિશ્ચયનયનો તને પક્ષ આવશે. છતાં પણ ત્યાં પક્ષાંતિક્રાંત થવાનું છે. પક્ષમાં રોકાવાનું નથી.

તો એ મહિમા આવ્યો અને મહિમા સાથે રાગ પણ ઉત્પન્ન થયો કે જે સ્વરૂપનો મહિમા કરે એવો વિકલ્પ હોય. કેમ કે ચારિત્રગુણ પણ મહિમા કરે છે ને ત્યાં. જેમ જ્ઞાનમાં મહિમા ભાસે છે તો રાગમાં પણ એવું જ થાય છે સાથે સાથે. પણ રાગ છોડાવ્યો છે. જ્ઞાન નથી છોડાવ્યું. વીતરાગ માર્ગમાં રાગ છોડાવ્યો છે. કેમ કે રાગ દોષ છે. જ્ઞાન થાય છે એ દોષ નથી. નવનું જ્ઞાન દોષ નથી અહીંયાં કહે છે. પણ નવનો રાગ દોષ છે. આત્માનું જ્ઞાન તે દોષ નથી, પણ આત્માનો રાગ તે દોષ છે.

સંપ્રદાયોમાં તો બીજા સ્થૂળ રાગમાં ધર્મ માનવો છે એ લોકોને. જેમાં કાંઈ ઠેકાણું નથી અને બહુભાગ તો ભાવિ ફળના ઉપાર્જન અર્થે જે રાગ કરે છે સંપ્રદાયમાં કે આમ કરીશ તો સંસારમાં લીલી વાડી રહેશે. મોટા ભાગે તો એ જ થાય છે ને. કેમ કે એ તો સુખ એમાં માન્યું છે એટલે ઊંડે ઊંડે પણ એવું આવ્યા વિના રહે નહિ. એ સ્થૂળ રાગમાં જે ધર્મ માને છે એનો તો કાંઈ પત્તો ખાય એવું નથી.

પણ અહીંયાં આવે અને નવ તત્ત્વનો જ્યાં વિચાર અને નવ તત્ત્વના જ્ઞાનનો વિષય આવે છે, ત્યાં પણ એમ કહે છે કે નિર્વિકલ્પ દશા થવા અર્થે નવ તત્ત્વનો

વિકલ્પ છોડવાની શાસ્ત્રમાં વાત કરી છે. અથવા એવું જે શાસ્ત્રનું વિધાન છે એ નિર્વિકલ્પ દશામાં ભગવાન આત્માનો સાક્ષાત્કાર કરાવવા અર્થે ભગવાને ફરમાવ્યું છે, આજ્ઞા કરી કે તું નવના વિકલ્પોનો ભેદ છોડ, નિર્વિકલ્પ દશામાં શાંત થઈને તારા સ્વરૂપને અનુભવ.

ગુરુદેવ તો બહુ મહિમાથી આવો વિષય આવે ત્યારે બહુ મહિમાથી વાત કરતા કે તું જો તો ખરો! અંદર આત્મા શાંત.. શાંત.. શીતળ... શીતળ... શીતળ... જિનચંદ્ર છે. ચંદ્ર શીતળ છે ને? તો અંદર આત્મા શીતળતાનો જિનચંદ્ર છે. એને તું જો અંદરમાં. કેવો થઈને જો? કે જેવો એ નિર્વિકલ્પ સ્વરૂપે છે બિલકુલ એવો થઈને જ એને તું જો અને અનુભવ કર. એમ કરાવવા અર્થે જ્યાં નવને જાણ્યા વિના તને આત્માનું શ્રદ્ધાન નહિ થાય એવું આગળ કહી ગયા, અહીંયાં કહે છે કે એ નવ તત્ત્વના વિકલ્પ, નવનો રાગ છોડ્યા વિના પણ તને છૂટકો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ જ છે. જ્ઞાનમાં જે મહિમા આવે છે એ તો જ્ઞાન બરાબર એને વિષય કરે છે એટલે એને મહિમા આવે છે. રાગમાં તો કૃત્રિમતા થાય છે, રાગ કૃત્રિમ ભાવ છે, વિકારીભાવ છે એ છોડવાયોગ્ય ભાવ છે અને એ વીતરાગતાનો વિરાધક છે. રાગ છે તે વીતરાગતાનો વિરાધક છે. જે જ્ઞાન સ્વરૂપ સન્મુખ થયું એ કાંઈ વીતરાગતાનું વિરાધક નથી. એ તો આગળ વધીને અભેદ સ્વસંવેદનમાં જશે. એ જ્ઞાન આગળ વધીને સ્વસંવેદનરૂપ પરિણમશે. જ્યારે ઉત્પન્ન થયેલો રાગાંશ અભાવ થઈને વીતરાગભાવે પરિણમશે ત્યારે તારી સિદ્ધિ થશે. એકમાં અભાવ થવાનો છે અને બીજામાં વૃદ્ધિગત થવાનું છે. એમ વાત છે. બે વચ્ચે ફેર છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- રાગ અને જ્ઞાન ઊપજે છે તો સાથે. પણ જ્યાં સુધી એને પુરુષાર્થ એટલો તીવ્ર નથી, સ્વરૂપ સન્મુખ થયા પછી પણ પુરુષાર્થ મંદ છે ત્યાં સુધી એને રાગની ઉત્પત્તિ થયા કરે છે. એમાં સ્વરૂપ સંબંધીનો પણ વિકલ્પ ઉત્પન્ન થાય અને નવ તત્ત્વ સંબંધીનો અનેક પ્રકારના તત્ત્વ વિચારણાનો પણ એને વિકલ્પ ઉત્પન્ન થાય. એનો કોઈ નિયમ નથી કે આવો જ વિકલ્પ ઉત્પન્ન થાય. પણ નિર્વિકલ્પ થયા પહેલા છેલ્લે છેલ્લે એને એકલો શુદ્ધાત્માનો વિકલ્પ હોય, ત્યાં પછી લાંબી લાંબી નવ તત્ત્વની કે બીજા તત્ત્વોની વિચારણા ન હોય. ત્યાં એકલો નિશ્ચયનયનો વિષય હોય. કારણ કે ત્યાં પક્ષ રહ્યો હજી. એક જ પક્ષ રહ્યો. એ પણ છોડીને જે વીતરાગતા ઉત્પન્ન થાય ત્યારે એને સ્વસંવેદન થાય. જ્યાં સુધી વીતરાગતા ઉત્પન્ન ન થાય ત્યાં સુધી સ્વસંવેદન પણ ઉત્પન્ન ન થાય. કેમ કે જ્યાં સુધી રાગ ઉત્પન્ન થયા કરે છે ત્યાં સુધી એ રાગને એકત્વબુદ્ધિએ વેદે છે અને જ્ઞાનને વેદતો નથી. એકવાર એને સ્વસંવેદન થયું અને રાગની ધારા તોડી, રાગની શૃંખલા તૂટી પછી વિકલ્પ ઉત્પન્ન થાય, રાગ ઉત્પન્ન થાય તો એનાથી ભિન્ન રહી શકે, પણ અનાદિની જે એકતાબુદ્ધિ છે એ એકવાર તો રાગની શૃંખલા તોડીને વીતરાગતામાં આવ્યા વિના એનાથી ભિન્ન પડાતું નથી. ભિન્નનો અભ્યાસ થાય છે પણ ભિન્ન થવું એ જુદી વાત છે. પ્રયત્ન બીજી વાત છે.

મુમુક્ષુ :- ઊંધાઈમાં.

પૂજ્ય ભાઈશ્રી :- શેમાં? સન્મુખ થયો ને ત્યાં એ ઊંધાઈ મટી. જ્ઞાનની ઊંધાઈ મટી ત્યાં.

મુમુક્ષુ :- જ્ઞાનની મહિમા અને રાગની મહિમામાં ભેદ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભેદ શું છે? કે જે જ્ઞાન સ્વરૂપને લક્ષમાં લે છે, સ્વરૂપલક્ષી જ્ઞાન થયું ત્યાં સ્વરૂપ સન્મુખ થયો, સમ્યક્ સન્મુખ થયો. એ જ્ઞાનમાં યથાર્થ મહિમા આવે, અપૂર્વ મહિમા ઉત્પન્ન થાય છે કે જે આગળ વધીને સ્વસંવેદનરૂપ અભેદ પરિણામરૂપ થઈ અને સ્વાનુભવરૂપ થશે. એમાં હજી જેટલી કચાશ છે પુરુષાર્થની ત્યાં સુધી સરાગપણું છે, વિકલ્પ ઉત્પન્ન થાય છે, એકત્વબુદ્ધિ પણ રહે છે. એકત્વ થઈ જાય છે. રાગ થાય છે અને રાગનું એકત્વ પણ ત્યાં થાય છે. પણ

ત્યાં રાગનું એકત્વ કઈ સ્થિતિમાં થાય છે? કે એકત્વ તોડવાના પ્રયત્નની સ્થિતિમાં રહેલું એકત્વ છે.

સામાન્ય જે જગતના જીવો છે એને રાગનું એકત્વ છે. પણ કોઈ એ એકત્વ તોડવાના પ્રયત્નવાન નથી. ઊલટાનું ધર્મના ક્ષેત્રમાં પણ કોઈને કોઈ બહાને રાગનો પ્રયત્ન કરે છે. બીજી સ્થુળ ક્રિયામાં તો રાગનો પ્રયત્ન જીવ કરે જ છે. પણ હું સ્વરૂપ ચિંતવન કરું, હું આત્માનું મનન કરું, આત્માની હું વિચારણા કરું, એમાં પણ જોજે રાગનો પ્રયત્ન નથી કરતો ને? એવો એવો રાગ કરવાનો તો તું પ્રયત્ન નથી કરતો ને? આમ ચેતાવ્યો છે. વીતરાગતમાં લાવવો છે ને જીવને? કોઈ જગ્યાએ એને રાગમાં ઠીકપણું મનાઈ જાય એ વાત તો રહેવા નથી દીધી.

મુમુક્ષુ :- અરુચિ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, અરુચિ છે એમાં દુઃખ જાણે છે. એમાં દુઃખ પણ જાણે છે. લગભગ ૭૫૦ આસપાસ બોલ હોવો જોઈએ. યાદ નથી. ઘણા બોલ છે ને.

મુમુક્ષુ :- દિશા પલટાવવાનો બોલ છે?

પૂજ્ય ભાઈશ્રી :- સીધી વાત છે. પ્રયત્નનો વિષય ચાલ્યો છે એમ કે જીવ ક્યાં ભ્રમમાં રહી જાય છે? એને એમ થાય છે કે હું પુરુષાર્થ કરું છું, હું કાંઈક પ્રયત્ન કરું છું, હું તો સ્વરૂપ ધ્યાનનો પ્રયત્ન કરું છું. આત્માનું ઊંડું ચિંતવન કરું છું. એને એક બહુ સરસ વાત કરી છે કે રાગનો પ્રયત્ન થતો નથી ને? સ્થૂળ ક્રિયામાં પણ જીવ રાગ વધારવાનો અને રાગ ઉપર ભીંસ દેવાનો પ્રયત્ન કરે છે. પ્રયત્ન છે ને એ પરિણામનું બળસૂચક લક્ષણ છે. પરિણામમાં જે આવેગ, જોર, બળ ઉત્પન્ન થાય છે એ પુરુષાર્થને સૂચવે છે. તો તારી ભીંસ ક્યાંય રાગ ઉપર નથી આવતી ને?

જો જ્ઞાનમાં શુદ્ધ સ્વરૂપને, જ્ઞાનમાં જ્ઞાનમય સ્વરૂપને, નિજ સ્વરૂપને લક્ષમાં લઈને એના ઉપર ભીંસ આવે તો પુરુષાર્થ જ્ઞાનનો અથવા આત્માનો છે. અને એમ ન થાય તો પુરુષાર્થ કોઈને કોઈ પ્રકારે રાગ ઉપર જાય છે. રાગની ભીંસ વધે છે. તો એ જીવ રાગમાં આગળ વધે છે. એનું માર્ગદર્શન એટલે હદ સુધી આવ્યું છે કે સામાન્ય રીતે શાસ્ત્ર સ્વાધ્યાય અને શાસ્ત્ર અધ્યયનને જ્ઞાનક્રિયા કહી છે. સ્થૂળ, સ્થૂળ વિચારથી તો શાસ્ત્રજ્ઞાન, શાસ્ત્ર અધ્યયન, શાસ્ત્ર સ્વાધ્યાયને જ્ઞાનની ક્રિયા કહી છે. ત્યાં પણ સૂચના આપી છે, કે ત્યાં પણ ઘણું વાંચવાથી, ઘણા વિકલ્પ વધે તો એ જ્ઞાનક્રિયા નથી રહેતી પાછી. એ રાગક્રિયા છે.

હવે એવી રીતે રાગની ક્રિયા ઉપર વજન ન જાય અને રાગમાં વિકાસ ન થાય, રાગનું ડેવલપમેન્ટ ન થાય, એવી ક્યાંક સૂચના આપી હોય ત્યાં મૂળમાંથી કોઈ નવ તત્ત્વની વાત ઉડાડે કે નવની શ્રદ્ધામાં અમને તો વિકલ્પ થાય છે. માટે અમારે નવની શ્રદ્ધા નથી કરવી, એકની કરવી છે. તો કહે છે, એ પણ ખોટું. એ નહિ ચાલે. હેય-ઉપાદેય તત્ત્વનું તો બરાબર ભાવભાસન હોવું જોઈએ. તિર્યંચને હોય છે એમ કરીને વાતને સ્થાપી. ત્યાં વાત એવી રીતે સ્થાપી કે તિર્યંચને પણ હોય છે. પણ નવના ભેદમાંથી નીકળી જા. નવના વિકલ્પમાંથી છૂટી જા. અને નિર્વિકલ્પ દશામાં આવ, એને એમ કહેવા માટે નવના ભેદનો નિષેધ કર્યો છે ત્યાં નવ તત્ત્વનો વિકલ્પ છોડવાની વાત પણ કરી છે. આમ વાત છે.

મુમુક્ષુ :- ભીંસ રાગ ઉપર છે કે જ્ઞાન ઉપર.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જો અંતઃતત્ત્વ સ્વરૂપ જે સ્વભાવ છે એના ઉપર ભીંસ આવે તો પુરુષાર્થ અંતર્મુખ દિશામાં આગળ વધે અને જો બાહ્ય ભાવ છે, રાગાદિ બાહ્ય ભાવ છે અથવા પરિણામ અંશ પણ બાહ્ય છે અંતઃતત્ત્વથી, બુદ્ધિનો, જ્ઞાનનો ક્ષયોપશમ વગેરે કોઈપણ પરિણામ તો બાહ્ય જ છે, એના ઉપર ભીંસ ગઈ, રાગ ઉપર ભીંસ ગઈ કે પરિણામના વિકાસ ઉપર ભીંસ ગઈ? જ્ઞાન ઘણું વધ્યું. આ તો પુરુષાર્થ હવે ઉગ્ર થાય છે. એમ જ્ઞાનના ક્ષયોપશમ ઉપર કે વીર્યના ઉપર ક્ષયોપશમ ઉપર કે ચારિત્રમોહનીયના ક્ષયોપશમ ઉપર કે કષાય ઘણો મંદ રહે છે. આપણને ગમે તેમ થાય કષાય તીવ્ર ન થાય. કષાય ઘણો મંદ રહે છે. ગમે તેવા આકરા-વ્રત-

તપ પાળવા હોય, કોઈ જાતનું આપણને આર્તધ્યાન ન થાય. એમ જ્યાં બાહ્ય તત્ત્વ ઉપર જો ભીંસ ગઈ, પછી મંદ રાગ હોય, જ્ઞાનનો ક્ષયોપશમ હોય કે વીર્યનો ક્ષયોપશમ હોય, તો પણ એ બહાર ભીંસ જવાની. એ પુરુષાર્થની દિશા ઊંધી છે. એટલે પુરુષાર્થ કઈ દિશામાં કામ કરે છે? એના ઉપર એ દિશામાં આગળ વધવાનો તારો સવાલ છે, પ્રશ્ન છે. એ વાત ફેરવી ફેરવીને ચોખ્ખી કરવી છે જુદી જુદી રીતે. ગમે તે બોલ આવે છે તો એમાં એ વાત સ્પષ્ટ કરી છે.

મુમુક્ષુ :- જ્ઞાન ઉપર વજન જતું હોય તો કર્તાપણું ઓછું થાય?

પૂજ્ય ભાઈશ્રી :- કર્તાપણું તો પર્યાય ઉપર વજન જાય તો થાય. પછી જ્ઞાનની પર્યાય હોય, પુરુષાર્થની પર્યાય હોય, કષાયની મંદતાની પર્યાય હોય, પણ પર્યાય ઉપર વજન જાય તો કર્તૃત્વ થાય. એટલે કર્તાપણું થાય ત્યાં મિથ્યાત્વ થાય. એ મિથ્યાત્વનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- કર્તાપણું ઓછું થાય કે નહિ જ્ઞાન ઉપર વજન જાય તો?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર થવું જોઈએ. અકર્તા એવો જે જ્ઞાનસ્વભાવ છે, જ્ઞાતા એવો જે જ્ઞાનસ્વભાવ છે એમ કહો કે અકર્તા એવો જે જ્ઞાનસ્વભાવ છે એના ઉપર વજન જાય તો કર્તૃત્વ ઘટ્યા વિના રહે નહિ અને મટ્યા વિના પણ રહે નહિ.

મુમુક્ષુ :- નિર્વિકલ્પ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- નિર્વિકલ્પ એટલે વિકલ્પનો અભાવ તેને નિર્વિકલ્પ કહે છે. જેમાં વિકલ્પનો અભાવ છે, ટૂંકમાં વિકલ્પ નથી એને નિર્વિકલ્પ કહેવામાં આવે છે. મૂળ અખંડ અભેદ આત્મસ્વરૂપમાં વિકલ્પનો અવકાશ નથી ત્રણે કાળે. એટલે સ્વરૂપને પણ નિર્વિકલ્પ એવું વિશેષણ લગાડે છે. પણ ખરેખર તો વિકલ્પ કે નિર્વિકલ્પની અપેક્ષા પણ ત્યાં તો લાગુ પડતી નથી. પણ અવસ્થામાં વિકલ્પ છે, એનો નાશ થઈને નિર્વિકલ્પ અવસ્થા થાય છે. ત્યારે એવી નિર્વિકલ્પતા છે એ સ્વરૂપાકાર હોવાથી, સ્વરૂપ સદૃશ ભાવ હોવાથી, સ્વભાવ આકારે હોવાથી, સ્વાકાર પરિણામ હોવાથી એને સ્વરૂપને પણ ત્યાં નિર્વિકલ્પ કહેવામાં આવે છે. પણ એ પર્યાયના ભાવથી કહેવાય છે. આત્મા મૂળમાં મોક્ષસ્વરૂપ છે. બંધ એનામાં નથી વિજાતીય ભાવ. એમ વિકલ્પ વિજાતીય એનામાં નથી એટલે સજાતીય ભાવની અપેક્ષાએ એને મોક્ષ છે, નિર્વિકલ્પ છે આત્મા, એમ કહેવાય છે. પણ આત્માને મોક્ષની અપેક્ષા પણ લાગુ પડતી નથી અને વિકલ્પની અપેક્ષા પણ ખરેખર લાગુ પડતી નથી.

બહુ બુદ્ધિથી પાર એવો એક વિષય એવો છે થોડો કે જે સ્વભાવમાં છે એ પ્રગટ થાય છે. કેવળજ્ઞાન, અનંત સુખ. કૂવામાં હતું એ બહાર આવ્યું એમ કહેવાય ને? અનંત સુખ અને કેવળજ્ઞાનાદિ જે ભાવો છે એ અંદરમાં શક્તિ હતી, સામર્થ્ય હતું એ આત્મામાં વ્યક્ત થયું. અને એ જ વિષયમાં પાછું એમ કહેવામાં આવે કે ત્રિકાળી શુદ્ધાત્મા અકબંધ છે. એ પર્યાયમાં આવતો જ નથી ને. ન તો બંધની પર્યાયમાં આવે છે કે ન તો મોક્ષની પર્યાયમાં આવે છે. બંધ અને બંધના કારણ, મોક્ષ અને મોક્ષના કારણથી જે શૂન્ય છે, તેનાથી તે રહિત છે અને તેનાથી તે અભાવરૂપ છે. ત્રણ શબ્દનો પ્રયોગ જયસેનાચાર્યદેવે ૩૨૦ ગાથામાં કર્યો છે. આ ત્રણ શબ્દનો પ્રયોગ કર્યો છે એક જ ભાવને બતાવવા. બંધ અને બંધના કારણથી અને મોક્ષ અને મોક્ષના કારણથી. પરમ પારિણામિકભાવ શુદ્ધનય, પરમશુદ્ધનય ગ્રાહક. પરમશુદ્ધનય ગ્રાહક એટલે પરમશુદ્ધનયમાં ગ્રહણ થાય છે એવો જે પરમપારિણામિકભાવ, એ બંધ અને બંધના કારણરૂપ થતો નથી, મોક્ષ અને મોક્ષના કારણરૂપ થતો નથી.

હવે ઊલટું-સૂલટું લાગે કે અંદરમાં કેવળજ્ઞાન સ્વભાવ ભર્યો હતો એ કેવળજ્ઞાન સ્વરૂપે પ્રગટ થયો. વળી એ એમ કહે કે સ્વભાવ તો સ્વભાવરૂપ રહે છે. કાંઈ એમાંથી નીકળીને પર્યાયમાં આવે કે સ્વભાવ પર્યાયમાં આવે એ વાત બનતી નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બુદ્ધિથી બહારનો વિષય છે.

એવી વાત કરતા ગુરુદેવ તો. આ દ્રવ્ય તો જુઓ કેવું અગમ અગોચર છે! એમ કહે. છે આવું. બેય પ્રકાર છે. આવા બેય પ્રકાર છે અને પ્રસિદ્ધ છે. આ બંને વિષય શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

દ્રવ્ય જ્યાં પરિણમે છે ત્યાં પ્રમાણનો વિષય છે. જે દ્રવ્ય પર્યાયમાં આવતું નથી તે નિશ્ચયનયનો વિષય છે. તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. બેય એક દ્રવ્યનો વિષય નથી. બે અપેક્ષા એક નથી. અપેક્ષા જુદી જુદી છે. જો પ્રમાણથી વસ્તુને જુઓ તો દ્રવ્યતી ઈતિ દ્રવ્યં. જે દ્રવે છે તે દ્રવ્ય છે. આ સૂત્ર છે ઉમાસ્વામીનું. પછી રાગરૂપે પણ એ દ્રવ્ય જ દ્રવે છે અને કેવળજ્ઞાનરૂપે પણ દ્રવ્ય જ દ્રવે છે. પરિણમે છે. દ્રવ્ય છે તે પરિણમે છે.

મુમુક્ષુ :- પ્રમાણનો વિષય છે.

ઉત્તર :- પ્રમાણનો વિષય છે. અને પારિણામિકભાવની વ્યાખ્યા પણ એવી જ કરી છે પંચાસ્તિકાયમાં. કે જે પરિણમી રહ્યું છે. દ્રવ્ય આત્મલાભ પારિણામિકઃ. તો જે પરિણામ જેનો હેતુ છે, પરિણામ જેનો હેતુ છે. પંચાસ્તિકાય છે ને એટલે દ્રવ્યાનુયોગનો વિષય ચાલ્યો છે. તો ત્યાં દ્રવ્ય આત્મલાભ હેતુ પારિણામિકઃ. પરિણામ થયા કરે છે. એ પરિણામનો હેતુ ક્યાં છે? પરિણામનો આધાર ક્યાં છે? કે દ્રવ્ય છે. દ્રવ્ય એ સ્વરૂપ જ છે. પરિણામને પ્રાપ્ત કર્યા જ કરે. લાભ એટલે પ્રાપ્તિ થવી. એવું દ્રવ્ય છે.

એટલે શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે એ નિશ્ચય સ્વરૂપ ત્રિકાળ અબાધિત અખંડ અભેદ એકરૂપ, દ્રવ્ય સામાન્ય સ્વરૂપ કે જે ક્યારેય વિશેષરૂપે થતું નથી. શાશ્વત તત્ત્વ છે કે જે ક્યારે પણ, કોઈપણ કાળે એ ક્ષણિક ભાવરૂપ થતું નથી. શાશ્વત જ રહે છે.

જુઓ તો ખરા એવી વસ્તુ કોઈ અગમ-નિગમની વસ્તુ છે! એટલે તો બુદ્ધિથી પાર પામવા જનાર બધા ભૂલા પડી ગયા. વેદાંત ને એ લોકોમાં પ્રખર બુદ્ધિવાળા થયા, એવા ભેખધારી માણસો થયા કે આત્મા અલખ નિરંજન છે તો એને શોધવા બધું છોડીને જંગલમાં ચાલ્યા જાવ. એ લોકોમાં જે ઋષિ મુનિ દાઢી-વાળવાળા, જટાવાળા એટલે બનાવ્યા છે કે એ કાંઈ પ્રસંગ નહોતો એને. વાળ વધે અને વાળ ઉતરાવાનો કોઈ પ્રસંગ નહોતો. એટલા દાઢી. મોટી મોટી જટાઓ થાય છે ને? બહુ લાંબી લાબી બહુ મોટા વાળ થાય છે. એ શું બતાવે છે? કે એ એની પાછળ એટલા પડ્યા હતા. ઘણા ધ્યાન ધર્યા, ઘણા તપ તપ્યા. પંચાગ્નિ તપ તપે છે ને જટાધારી. પાંચ ઈન્દ્રિયના વિષયોને છોડ્યા, જંગલમાં રહ્યા અને ઘણી બુદ્ધિ લગાવી. પણ આ વિષય એટલો અટપટો છે પદાર્થનો કે એમ બુદ્ધિ લગાવે પાર આવતું નથી. કલ્પનાએ ચડી જાય છે. કાંઈક ને કાંઈક પછી કલ્પના કરી બેસે છે કે આવો આત્મા છે.. આવો આત્મા છે... આવો આત્મા છે.

ત્યારે જ્ઞાનીઓએ, સંતોએ એ માર્ગને સહેલો કરવા એમ કહ્યું કે એમ બુદ્ધિ લગાવે તારો પાર નહિ આવે. આ એક જ્ઞાનલક્ષણ છે એનાથી આખું દ્રવ્ય લક્ષિત થાય છે. કેમ કે અનંત ગુણ છે, અનંત ધર્મ છે. તારો બુદ્ધિનો વિકાસ ગમે તેટલો હશે તો બહુ મર્યાદિત છે એ. ઘણો મર્યાદિત છે. કેમ કે અનંત ગુણ અને અનંત ધર્મ તો ક્યાં કેટલે કેટલે તારી બુદ્ધિ પહોંચવાની હતી? ગમે તેટલો ક્ષયોપશમ હોય શ્રુતજ્ઞાનનો, તોપણ કેવળજ્ઞાન પાસે તો અનંતમા ભાગે છે, ખાબોચિયું છે એ તો. કેવળજ્ઞાનના મહાસાગર પાસે એ ખાબોચિયું છે, અનંતમા ભાગે છે. પણ એક સુવિધા છે એની અંદર કે એ સાગરનો નિર્ણય આ શ્રુતજ્ઞાન કરે છે. એ અનંત ગુણસાગરનો નિર્ણય આ શ્રુતજ્ઞાન કરે છે. એટલી સગવડ છે એની અંદર. જાતિ એક હોવાથી. જ્ઞાનની જાતિ એક હોવાથી, કેમ કે કેવળજ્ઞાન પણ જ્ઞાન છે અને શ્રુતજ્ઞાન પણ જ્ઞાન છે. એટલે જાતિ અપેક્ષાએ જ્ઞાન જાતિનું હોવાથી આટલી સગવડ છે. કે એક જ્ઞાનલક્ષણ ઉપરથી તું આખા જ્ઞાન સાગરને નિર્ણયમાં લઈ શકે છો, ઓળખી શકે છો. અને તારે કલ્પનાએ ન ચડવું પડે એવો રસ્તો છે ખરો કે જે તિર્યંચ પણ ગ્રહણ કરે. એને ક્યાં બુદ્ધિ છે એટલી? મનુષ્ય હોય તો અનેક પ્રકારે બુદ્ધિના વિકાસમાં ફસાય. પણ અહીંયાં એને સ્વભાવ ગ્રહણ કરવો છે તો એ

સ્વભાવને જોવાનો જ દષ્ટિકોણ એણે અપનાવવો પડે છે. લક્ષણમાં પણ એ સ્વભાવને પકડવો છે, પર્યાયને પકડવી નથી. કારણ કે લક્ષણ પર્યાયમાં છે.

મુમુક્ષુ :- આવો સરસ મહાન...!

પૂજ્ય ભાઈશ્રી :- આવી બધી વાતો છે.

શું કહે છે? '**નિર્વિકલ્પ દશા થવા અર્થે નવ તત્ત્વોનો વિકલ્પ છોડવાની વાત કરી છે. નવ તત્ત્વોનું જ્ઞાન છે...**' એ વિકલ્પની સાથે નવ તત્ત્વનું જ્ઞાન છે. એ ભાવભાસન છે એ ભૂલ છે એમ નથી કહેવું. પણ નવ તત્ત્વોના ભેદના લક્ષે જે રાગની ઉત્પત્તિ થાય છે તે છોડવાની વાત કરી છે. તે છોડાવવું છે. ભાવભાસન થયું ત્યારે નવના ભેદના લક્ષે રાગની ઉત્પત્તિ થઈ એ ભાગ રાગનો ભાગ સડેલો છે.

મુમુક્ષુ :- ભાવભાસનનો ભાવ...

પૂજ્ય ભાઈશ્રી :- એ આ બાજુ (છે). ભાવભાસનનો ભાવ છે એ વિકસિત થઈને સ્વસંવેદનરૂપ પરિણમશે. જ્ઞાન વિકાસ પામીને સ્વસંવેદનરૂપ પરિણમશે. રાગનો અભાવ થઈને વીતરાગતા થશે. એ નવ તત્ત્વના ભેદવાળો રાગ વિકસીત થઈને વીતરાગ નહિ થાય. એનો અભાવ થશે. આમ છે.

'**તેથી તે છોડવાની વાત કરી છે. જ્ઞાન નવને જાણે તે રાગનું કારણ નથી, તે તો નિશ્ચય સમકિત છે.**' જે જ્ઞાન નવને જાણે, નવનું ભાવભાસન છે તે જ્ઞાન રાગનું કારણ નથી. જ્ઞાન રાગનું કારણ નથી. જે ભેદ પોતે ઉઠાવે છે અને રાગ ઉત્પન્ન કરે છે એ રાગ જ રાગનું કારણ છે. જ્ઞાન રાગનું કારણ નથી. કેમ કે એ તો કેવળજ્ઞાનીને પણ નવ તત્ત્વનું જ્ઞાન છે. કે અજ્ઞાન છે? એને પણ જ્ઞાન છે. જ્ઞાન રાગનું કારણ નથી. કોઈપણ પદાર્થ રાગનું કારણ નથી.

જગતના પદાર્થો રાગનું કારણ નથી. તો તો કેવળજ્ઞાનીને તો હેરાન થઈ જવું પડે. જો જગતના પદાર્થો રાગનું કારણ થતાં હોય તો સૌથી રાગી-દ્વેષી કેવળજ્ઞાની થાય. હેરાન થઈ જાય એ તો. પણ એ તો પદાર્થો કાંઈ રાગ-દ્વેષનું કારણ નથી. પોતે ઉપાદાનમાં રાગ-દ્વેષ કરે તે રાગ-દ્વેષનું કારણ પોતે છે. એમ લેવું છે. એમ નિજનું લક્ષ કરાવ્યું છે.

મુમુક્ષુ :- નવ જાણે ત્યાં ભેદ થઈ ગયો એનો?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે જ અહીંયાં વિષયની સૂક્ષ્મતા જ એ છે કે નવનું ભાવભાસન છે એ તો બરાબર છે. એ થવું જરૂરી છે. નવેય તત્ત્વોનું ભાવભાસન થાય એ કાંઈ દોષ નથી. એ થવું જરૂરી છે, આવશ્યક છે, એ થયું નથી અનાદિથી. પણ સાથે જે ભેદવિકલ્પ ઉત્પન્ન થયા ને? એ સડો છે. એ સાફ કરવાની જરૂર છે. આ ગુમડું થાય છે ત્યારે જે મટવાની પરિસ્થિતિએ પહોંચે છે ત્યારે શું થાય છે? કે હવે જરા હિલિંગ થાય છે. ભોં આવે છે. શું કહે છે? ભોં એટલે જમીનની નીચેની. અમારે ગુજરાતીમાં એને ભોં કહે છે. ભૂમિને ભોં કહે છે. તો એ જ્યારે મટવાની સ્થિતિમાં આવે છે ત્યારે થોડો ઘણો એની અંદર પાસ રહી ગયો, તો એ જે પાસનો ભાગ રહ્યો છે એ તો સાફ કરીને કાઢી જ નાખવાનો છે. એ સડો છે. પણ એ સાફ કરતાં એટલું ઘસી નાખે કે અંદરથી લોહી કાઢે તો એને, તો એને કાંઈ ઉપરની ચામડી આવે નહિ સરખી. સાફ કરતાં કરતાં એને ઘસ્યા જ કરે. એ જ્યારે મટવાની અણી હોય ત્યારે એને જરા પોલા હાથે સાફ કરવું પડે છે. કાપે ત્યારે એટલા પોલા હાથે સાફ ન કરે. જ્યારે એને ફોડે, કાપે ત્યારે તો ઘસીને બરાબર ભલે થોડું લોહી નીકળી જાય વાંધો નહિ, પણ જરા પણ એને સેપ્ટિકનો કણ રહી જવો જોઈએ નહિ. પછી જ્યારે દેખાતું હોય પાસ. પીળું પીળું દેખાતું હોય મટતું હોય ત્યારે, તો ખ્યાલ આવે કે આની અંદર જોર નથી, માલ નથી. આ દેખાય છે પણ એમાં કાંઈ માલ નથી. જરા પોલા હાથે એને સાફ કરવું પડશે. તો એ બરાબર મટી જાય છે. પણ હવે ત્યાં ચળ આવે છે થોડું ઘસીને સાફ કરે તો? એ વખતે થોડી ચળ આવે મટતું હોય ત્યારે તો. બરાબર ઘસે તો સારું પણ લાગે કે નહિ?

જેમ દરેક વિષયમાં એકની એક જગ્યાએ પ્રક્રિયા કરવાની હોવા છતાં એની અંદર એની જે ખુબી હોય

છે એ પ્રકારે કામ કરવાની હોય છે. એમ અહીંયાં પણ નવ તત્ત્વમાં તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનનો વિષય જ્યાં હાથમાં લીધો છે. ગુરુદેવે આ બધી ચોખવટ કરી છે. તાકાત નથી. સંપ્રદાયમાં તો નવ તત્ત્વની વાત પણ ભૂંસાવા માંડી છે બીજી ધમાલમાં. પણ ભાવભાસન અને આટલા બધા પડખેથી ચોખ્ખી વાત કે નવ તત્ત્વને ઉડાડ તો પણ નકામું છે અને નવ તત્ત્વને પકડીને રાગની પક્કડમાં રહે તો પણ નિર્વિકલ્પ થઈને સમ્યગ્દર્શનમાં આવીશ નહિ. એમ બેય પડખેથી વાત કરી છે. એ ઘડતરનો વિષય છે.

જેમ માટીના વાસણને ઘડવામાં આવે છે, ત્રાંબા–પીતળના વાસણને ઘડવામાં આવે છે. ત્યારે અંદરથી અને બહારથી બેય બાજુથી એને ઘડવું પડે છે. ત્યારે એનો ઘાટ બરાબર ઉતરે છે. કે નહિ? અંદરથી અને બહારથી બેય બાજુથી એને ઘડે છે. એમ બેય બાજુથી વાત છે આ.

મુમુક્ષુ :- ઉપરથી મારવામાં આવે છે તૂટી પણ ન જવું જોઈએ

પૂજ્ય ભાઈશ્રી :- તૂટી પણ ન જવું જોઈએ અને મારે તો પણ એવી ડેલીગેટ પોઝીશન હોય છે એની કે એને થોડું અંદરથી પણ ઉપસાવવું પડે અને બહારથી પણ એને બેય રીતે (મારવામાં આવે છે). ઉપસેલું બેસાડવું પણ પડે અને અંદરથી ઉપસાવવું પડે. ઉપસેલું બેસાડવું પણ અને અંદરથી ઉપસાવવું પડે. એવો આ બધો વિષય છે. નાજુક વિષય છે જરા.

મુમુક્ષુ :- કેવળજ્ઞાની ભગવાન નવ તત્ત્વ જાણે છે તો...

પૂજ્ય ભાઈશ્રી :- ના, ત્યાં ભેદ નથી પડતા. એટલે જાણવાથી ભેદ પડે છે એમ પણ નથી. જાણવાથી રાગ પડે છે એમ પણ નથી. જ્ઞાનનો સ્વભાવ નિર્ભેદપણે જાણવાનો છે, વીતરાગપણે જાણવાનો છે. જાણે એટલે રાગ સહિત જ જાણવું પડે એવું કોઈ ફરજિયાતપણું નથી.

નિશ્ચયનયનું અને વ્યવહારનયનું બંનેનું જ્ઞાન કેવળજ્ઞાનીને છે. તેમ છતાં તેમને નિશ્ચયનયનો ભેદ કે વ્યવહારનયનો ભેદ ઉપજતો નથી. દ્રવ્ય જે છે એ નિશ્ચયનયના વિષયરૂપ અંશ પણ એમાં છે અને વ્યવહારનયના વિષયરૂપ અંશ પણ એમાં છે. બેય છે ને? એક જ પદાર્થમાં બેય વિષય છે. અને આખા પદાર્થને કેવળજ્ઞાન જાણે છે. એમ તો પ્રમાણ પણ જાણે છે. અભેદ પ્રમાણમાં ક્યાં વિકલ્પ ઉઠે છે? માટે કાંઈ બંનેને જાણે માટે બંનેનો ભેદ પડે એવું કાંઈ નથી. પ્રમાણમાં ભેદ નથી પડતો. યુગપદ્ જાણે છે ભેદ પાડ્યા વિના. એ પ્રમાણની ત્યાં પૂર્ણતા છે.

મુમુક્ષુ :- છદ્મસ્થ પ્રાણી...

પૂજ્ય ભાઈશ્રી :- જાણે છે. એ તો લઈ જવું છે. એ સ્થિતિ તો સાધવી છે. છદ્મસ્થની એ સ્થિતિ તો સાધવી છે કે જ્યાં નિર્વિકલ્પ થયો ત્યારે એણે આત્માને જાણ્યો કે ન જાણ્યો? જાણ્યો. ત્યારે એણે પર્યાયને જાણી કે ન જાણી? દ્રવ્ય સામાન્યને અવલંબીને એને નિર્વિકલ્પ દશા થઈ. તો પર્યાયનું જ્ઞાન થયું કે ન થયું? થયું કે ન થયું? ચર્ચા ચાલી હતી? ગુરુદેવની ઉપસ્થિતિમાં એક દી વાત કરતા હતા. મુમુક્ષુઓ ચર્ચા કરે એટલે કોઈ વિવાદનું કારણ થાય.

નિર્વિકલ્પ દશાના કાળમાં પર્યાય જણાય કે ન જણાય? આ પ્રશ્ન આવ્યો હતો. તો એક પક્ષ એવો મજબુત થયો કે પર્યાય તો જણાય જ નહિ ત્યાં. કેમ કે એ તો દ્રવ્યને અવલંબીને દ્રવ્યમાં એકાગ્ર થયેલી પર્યાય છે. દ્રવ્યને જ જાણે, પર્યાયને ન જાણે. આ એક સજ્જડ દલીલ હતી એની પાછળ, કે ત્યાં તો દ્રવ્યમાં એકાકાર થઈ ગયેલો પર્યાય છે. એ જ્ઞાન તો દ્રવ્યને એકાકાર થઈને, એકાગ્ર થઈને દ્રવ્યને જ જાણે બસ! પર્યાયને ન જાણે. એવી વાત ગુરુદેવ સુધી પહોંચી. ગુરુદેવને પ્રશ્ન કર્યો કે આ નિર્વિકલ્પ દશા વખતે પર્યાયનું જ્ઞાન થાય કે ન થાય? તો કહ્યું, પર્યાયનું વેદન થાય છે. શું કહ્યું? વેદન થાય છે એવું કોણે જાણ્યું? દ્રવ્યે જાણ્યું કે પર્યાયે જાણ્યું? જે પર્યાયનું વેદન થાય છે એ વેદનને જાણ્યું કોણે કે વેદન થયું પર્યાયનું? દ્રવ્યનું તો વેદન થતું નથી. દ્રવ્યનું

વેદન થાય છે? દ્રવ્યનું વેદન તો થતું નથી. એ તો વચનામૃતમાં સ્પષ્ટ કરી નાખ્યું. એ વિષય ત્યાંથી વધારે સ્પષ્ટ થયો. કારણ કે એ બોલ જ ત્યાં એજન્ડા ઉપર છે. વિષય જ એ એજન્ડા ઉપર છે.

વેદન થાય છે પર્યાયનું તો વેદન જણાયા વિના વેદન થાય છે, પર્યાયમાં વેદન જણાયા વિના વેદન થાય છે એ વાત પણ રહેતી નથી. પણ લક્ષ પર્યાય ઉપર નથી, લક્ષ દ્રવ્ય ઉપર છે એટલે દ્રવ્ય જણાય છે એમ કહેવાય છે. અને પર્યાય ગૌણ થતી હોવાથી અને જે લક્ષમાં દ્રવ્ય છે એમાં પર્યાયનો અભાવ હોવાથી પર્યાય જણાતી નથી એવું પણ શાસ્ત્ર વચન આવે ખરું, પણ એનો કોઈ એકાંત ખેંચી જાય, તો પણ ભૂલ થાય. ઘણા વિષય ચર્ચાણા.

**'જ્ઞાન નવને જાણે તે રાગનું કારણ નથી,...'** જોયું! નવને જ્ઞાન જાણે તે કોઈ રાગનું કારણ નથી. ઊલટાનું **'તે તો નિશ્ચય સમકિત છે.'** જ્ઞાનની પ્રધાનતાથી સમકિતને લઈએ તો નવ તત્ત્વોનું યથાર્થ ભાવભાસન છે અને આવા જ નવ તત્ત્વોમાં, તત્ત્વ આવું જ હોય, આસ્રવતત્ત્વ આવું જ હોય, સંવરતત્ત્વ આવું જ હોય એવો જે જ્ઞાનમાં પ્રતીતિરૂપ ભાવ છે એ તો નિશ્ચય સમકિત છે એમ કહે છે. એ વ્યવહાર સમકિત પણ નહિ. એ નિશ્ચય સમકિત છે. ત્યાં એની સાથે વિકલ્પ રહ્યો તેને વ્યવહાર સમકિત કહે છે. એવા નિશ્ચય સમકિતની સાથે નવ તત્ત્વના ભેદ વિકલ્પને વ્યવહાર સમકિત કહે છે. પણ નવનું જ્ઞાન તો નિશ્ચય સમકિત છે. છે આ ચર્ચા સંપ્રદાયમાં ક્યાંય? કોને વ્યવહાર સમકિત કહેવું? કોને નિશ્ચય સમકિત કહેવું? બંનેનો અવિનાભાવી સંબંધ કેવી રીતે હોય?

લોકો તો શું એમ માને છે કે વ્યવહાર સમકિત તો છે જ આપણને. નવ તત્ત્વ તો ભણી ગયા છીએ આપણે. આપણા સંપ્રદાયમાં નવ તત્ત્વનું નિરૂપણ હોવાથી નવ તત્ત્વ તો ભણી ગયા છીએ. માટે વ્યવહાર સમકિત તો થઈ ગયો. ભાઈ! એ ભણવાનો વિષય નથી. એ કોઈ કોરી ધારણાનો વિષય નથી. વ્યવહાર સમકિત તો ત્યારે કહે કે આવા નવનું જે જ્ઞાન નિશ્ચય સમકિતરૂપ હોય ત્યારે સાથે નવના ભેદવાળી શ્રદ્ધાને કે ભેદવાળા જ્ઞાનને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. તો એ પહેલા અમે નવ ભણ્યા એનું શું? કે એ વ્યવહારાભાસમાં જાય છે. વ્યવહાર નથી પણ વ્યવહારાભાસ છે. આભાસમાં જાય છે. તને આભાસ થાય છે કે મને નવ તત્ત્વની શ્રદ્ધા થઈ. ખરેખર ત્યાં શ્રદ્ધા થઈ નથી કે જ્ઞાન થયું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ જ ચર્ચા ચાલે છે. ૯૬૫થી નવમા અધિકારના પ્રવચનોમાં ચર્ચે છે. એક બોલ ઉપર તો આ બધી ચર્ચા કરી છે. અનેક પડખેથી વાત કરી છે.

મુમુક્ષુ :- નવ તત્ત્વના ભેદેના લક્ષે રાગ થાય તો સારું-નરસું થઈ જાય?

પૂજ્ય ભાઈશ્રી :- હેય-ઉપાદેયનો રાગ થાય એટલું સારું-નરસું થયું ને? પુણ્ય-પાપ હેય છે, આસ્રવ-બંધ હેય છે એવો રાગ થયો ત્યાં આ સારું નથી એમ થયું. સંવર, નિર્જરા અને મોક્ષ ઉપાદેય છે ત્યાં આ સારું છે એમ થઈ ગયું. રાગ અને દ્વેષ બેય થયા. એક રાગનો વિષય થયો અને એક દ્વેષનો વિષય થયો. વીતરાગતામાં બેમાંથી એકેય નથી. અને એ વીતરાગતા સાચી કરવાની છે. આમ છે. એટલે જ્ઞાતા-દૃષ્ટાપણું જીવનો સ્વભાવ છે એમ કીધું છે. એની મુખ્યતા કરી છે. જ્યાં કાંઈ વિષમ પરિસ્થિતિ ઉત્પન્ન કરવી નથી. રાગ અને દ્વેષની વિષમ પરિસ્થિતિ. એ સમભાવ નથી, એ વિષમભાવ છે જીવનો. અને સમભાવને ચારિત્ર કર્યું છે, સમભાવને ધર્મ કહ્યો છે. વિષમભાવને ક્યાંય ધર્મ નથી કહ્યો. અને જ્યાં રાગ હોય ત્યાં દ્વેષ હોય, હોય ને હોય.

આચાર્યોએ શાસ્ત્રોમાં ત્યાં સુધી એ વાતને સ્થાપી છે કે આ સત્‌ને સ્થાપવાનો જે રાગ છે, અમારા શાસ્ત્રમાં અમે જે સત્‌નું સ્થાપન કરીએ છીએ ત્યાં અસત્‌ને ઉથાપવાનો દ્વેષ રહેલો છે. છે ચારિત્રમોહનો. દર્શનમોહ નથી. એને પણ એ ચાહતા નથી. એ પણ દોષ છે. એટલે તો એ કોઈપણ વિધર્મી પ્રત્યે મર્યાદામાં શબ્દપ્રયોગ કરે છે. અમર્યાદિત શબ્દપ્રયોગ નથી કરતા. કેમ કે એનો

કષાય મર્યાદિત છે ને? ચારિત્રમોહનો રાગ છે. ગમે તેવા. જૈન ધર્મને જડમૂળથી ઉખેડી નાખવો જોઈએ એમ કોઈ કહે તો પણ એ અસત્‌ને મર્યાદામાં ઉથાપે છે અને સત્‌ને સત્‌ની મર્યાદામાં સ્થાપે છે. કેમ કે એમનો રાગ મર્યાદિત થયો છે, એમનો દ્વેષ મર્યાદિત થઈ ગયો છે, એમનો મોહ મર્યાદિત થઈ ગયો છે.

અષ્ટપાહુડ છે એ કુંદકુંદાચાર્યનું દાર્શનિક સિદ્ધાંતો ઉપરનું શાસ્ત્ર છે અને જૈનદર્શનના દાર્શનિક સિદ્ધાંતો એમાં સ્થાપ્યા છે. એની કોઈ મૂળ શ્લોકોનો કોઈએ અર્થ કરતા કરતા કોઈ મર્યાદા બહાર પ્રહાર કર્યો છે. કોઈએ સ્થાનકવાસી ઉપર મૂર્તિને ઉડાડી છે એના ઉપર કાંઈક વાત છે. પ્રતિમા-જિનપ્રતિમાનો નિષેધ કર્યો છે. અમર્યાદિત લખાણ કર્યું. ગુરુદેવે વાંચ્યું. કે લખ્યું છે પણ આટલું બધું આવું ન લખવું જોઈએ, આવું ન લખાય. એના ઉપર પછી ટીકા, ટીપ્પણી જેવું કર્યું છે. લાંબું લાંબુ લખ્યું છે. જેણે સાંભળ્યું હશે એને ખ્યાલ હશે. બહુ તીવ્ર દ્વેષથી લખાયેલી વાત છે. આવું તીવ્ર દ્વેષથી ન લખાય. તીવ્ર દ્વેષ આવી ગયો છે લખનારને. પણ છતાં એ સત્‌ને સ્થાપવાનું જે શાસ્ત્ર નિરૂપણ ત્યાં અસત્‌ને ઉથાપવાનો ભલે શબ્દપ્રયોગ ન હોય તો પણ તે વાત અંદર ગર્ભિત રહેલી છે. રાગની સાથે એક સિક્કાની બે બાજુ જેવો દ્વેષ છે, છે ને છે જ. બીજી સાઈડમાં નથી એમ નથી. એટલે રાગને તોડીને વીતરાગતામાં આવે છે સાધકજીવો. રાગને પલટાવીને દ્વેષમાં સંસારી પ્રાણીઓ આવે છે. સંસારી પ્રાણીને રાગ મટે તો દ્વેષ થાય. પછી સગો દીકરો હોય કે પત્ની હોય કે બાપ હોય કે મા હોય. જેના ઉપર રાગ કરે છે એ જ્યાં પલટ્યો એટલે દ્વેષ થયા વિના રહે નહિ. જરાક ઊંધું પડ્યું, સામે પડ્યું એટલે દ્વેષ થાય.

મુમુક્ષુ :- જ્ઞાની શું કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- રાગને તોડીને વીતરાગતામાં આવે છે. એ અલૌકિક લાઈન છે. માર્ગ અલૌકિક છે. લૌકિક માર્ગમાં એ પ્રકાર છે. એ એમ કહે કે તમારા વિના ચાલે નહિ, એ એટલો જ દ્વેષ કરે. જેટલો તીવ્ર રાગ કર્યો હોય એટલો દ્વેષ કરે. આ પતિ-પત્નીમાં કહે છે ને? તમારા વિના તો જીવી શકાય નહિ. આ બધા દાખલા સાંભળ્યા છે. એમ કીધું, એના વગર હવે હું નહિ જીવી શકું. ઈનો ઈ માણસ એમ કહે કે લાખ વાતેય એની સાથે નહિ રહી શકું હવે. નહિ એટલે નહિ. શું થયું? એ તીવ્ર રાગ હતો એ તીવ્ર દ્વેષમાં પરિણમ્યો. બીજું કાંઈ નથી. આ જગતની સ્થિતિ છે.

**'નવનું જ્ઞાન યથાર્થ કર્યું છે. પણ નવનાં વિકલ્પો ઉઠતા હતા તેનો નિષેધ કર્યો છે.'** જુઓ કેવી રીતે વાતને સ્થાપે છે! **'નવનું જ્ઞાન યથાર્થ કર્યું છે.'** કરાવ્યું છે **'પણ નવના વિકલ્પો ઉઠતા હતા તેનો નિષેધ કર્યો છે.'** એ રાગ છે એ કૃત્રિમભાવ છે, દોષ છે, દુઃખ છે, મળ છે. એને તો રાખવાનો પ્રશ્ન રહેતો નથી. એ ૯૭૩ થયો.


## નવીન પ્રકાશન
## આત્માવલોકન પ્રવચન ભાગ-૧

પંડિત શ્રી દીપચંદજી કાસલીવાલ દ્વારા રચિત આધ્યાત્મિક ગ્રંથ 'આત્માવલોકન' પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા થયેલ ભાવવાહી અર્થગંભીર પ્રવચનોનું પુસ્તક ભાગ-૧ પ્રકાશિત થઈ ચૂક્યુ છે. જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને સ્વાધ્યાય અર્થે મંગાવવા હોય તેઓ ટ્રસ્ટના કાર્યાલય પર સંપર્ક કરી મંગાવી શકે છે.

સંપર્ક :- વીતરાગ સત્‌ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧.



## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

**પ્રશ્ન :–** તત્ત્વના નિર્ણય પછી ભેદ-અભ્યાસમાં, આ પુદ્ગલનું પરિણમન છે તે પુદ્ગલમાં છે ને હું તો જુદો છું એ જાતનો અભ્યાસ કરી છૂટો પડે તો અનુભવ થાય?

**સમાધાન :–** દેહ જુદો અને હું આત્મા જુદો એવો અંતરમાં વિકલ્પ આવે તેનાથી પણ મારો સ્વભાવ જુદો છે એમ વિકલ્પથી પણ ભેદજ્ઞાનનો અભ્યાસ કરે. વિકલ્પ પોતાના પુરુષાર્થની મંદતાએ થાય છે. છતાં પણ વિકલ્પથી ભેદજ્ઞાનનો અભ્યાસ કરે કે વિકલ્પ હોવા છતાં હું તેનાથી જુદો છું. વિકલ્પથી ભેદનો અભ્યાસ હોય તો વિકલ્પથી છૂટો પડે અને તો વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ અનુભૂતિ થવાનો પ્રસંગ આવે. વિકલ્પ ઊભા હોય છતાં પણ હું તેનાથી છૂટો છું એમ વિકલ્પથી ન્યારો થવાનો અભ્યાસ કરતો નથી તો ન્યારો થઈ શકતો નથી. વિકલ્પ ટાળું-ટાળું એમ કર્યા કરે તો શૂન્યતા જેવું થાય, તેમ નહિ પણ વિકલ્પથી ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાનો છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૫૦)**

❈

**પ્રશ્ન :–** કોઈ આકરી પ્રતિકૂળતા આવી પડે, કોઈ મર્મછેદક વચન કહે, તો શીઘ્ર દેહમાં સ્થિત પરમાનંદસ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરીને દેહનું લક્ષ છોડી દેવું, સમતાભાવ કરવો એમ કહેવામાં આવે છે. પણ હજી તો શ્રદ્ધા-જ્ઞાનનાં ઠેકાણાં નથી તો તે કેવી રીતે પરમાત્માનું ધ્યાન કરે?

**સમાધાન :–** આ આગળની વાત કરી છે, પણ જેટલી પોતાની શક્તિ હોય તે પ્રમાણે કરવું. મુનિઓને આકરા પરીષહ આવે-મર્મછેદક વચન કોઈ કહે, કોઈ નિંદા કરે-તો મુનિઓ એકદમ આત્માના ધ્યાનમાં એવા ચડી જાય કે બહારનું બધું ભૂલી જાય. નિંદા-પ્રશંસા આદિ બધું જેમને સરખું છે તથા આ શરીર પણ મારું નથી, શરીરમાં જે થાય તેનાથી મને કાંઈ થતું નથી. એવા મુનિઓ આકરા પરીષહ આવે તો એકદમ જ્ઞાયકના ધ્યાનમાં ચડીને શ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. પારસનાથ ભગવાનને ઉપસર્ગ આવ્યો હતો, પાંડવોને કેવો ઉપસર્ગ થયો હતો? છતાં તે વખતે તેઓ બધા આત્માનું ધ્યાન કરતા હતા. અને ત્રણ તો એકદમ આગળ ગયા. આગળ જઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. આ તો મુનિઓની વાત થઈ, પણ આ રીતે જિજ્ઞાસુ-મુમુક્ષુ પોતે પોતાની હદ હોય તે પ્રમાણે બહારના પ્રતિકૂળ પ્રસંગો આવે તો તેમાં શાંતિ રાખે કે હું જ્ઞાયક છું. આત્માનું ધ્યાન થઈ શકે તો હું જ્ઞાયક છું, હું તો આત્મા છું, મને કાંઈ લાગતું નથી, આ શબ્દ તો પુદ્ગલ છે અને તેની સાથે મારે કાંઈ સંબંધ નથી. એમ વિચારો કરે, તેની શ્રદ્ધા કરે, તેવી જાતની એકાગ્રતા કરે ને તેવું ધ્યાન કરે. પ્રથમ યથાર્થ ધ્યાન ન હોય, પણ પોતે ભાવના કરે કે આ શરીર હું નથી, આ પુદ્ગલ છે; જે થાય તે શરીરમાં થાય છે, મને કાંઈ થતું નથી; હું તો જ્ઞાયક છું,-તે રીતે વિચાર કરે ને શ્રદ્ધાનું બળ વધારે કે હું તો જુદો છું. શબ્દ કહેતો નથી કે તું સાંભળ અને હું જીવ પણ કાંઈ ત્યાં સાંભળવા જતો નથી. હું મારામાં છું, એમ પોતે વિચાર કરી, શાંતિ રાખે-સમભાવ રાખે.

**(અનુસંધાન પાના નં.૧૯ પર...)**




૧૬૮

મુંબઈ, કાર્તિક સુદ ૧૩, સોમ, ૧૯૪૭

**એનું સ્વપ્ને જો દર્શન પામે રે,**
**તેનું મન ન ચઢે બીજે ભામે રે;**
**થાય કૃષ્ણનો લેશ પ્રસંગ રે,**
**તેને ન ગમે સંસારનો સંગ રે.**
**હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે,**
**મારું જીવ્યું સફળ-તવ લેખું રે;**
**મુક્તાનંદનો નાથ વિહારી રે,**
**ઓધા જીવનદોરી અમારી રે.**

આપનું કૃપાપત્ર ગઈ કાલે મળ્યું. પરમાનંદને પરમોપકાર થયો.

અગિયારમેથી લથડેલો ઓછામાં ઓછા ત્રણ અને ઘણામાં ઘણા પંદર ભવ કરે, એમ અનુભવ થાય છે. અગિયારમું એવું છે કે ત્યાં પ્રકૃતિઓ ઉપશમ ભાવમાં હોવાથી મન, વચન, કાયાના યોગ પ્રબળ શુભ ભાવમાં વર્તે છે, એથી શાતાનો બંધ થાય છે, અને એ શાતા ઘણું કરીને પાંચ અનુત્તર વિમાનની જ હોય છે.

૧૬૯

**મુંબઈ, કાર્તિક સુદિ ૧૩, સોમ, ૧૯૪૭**

ગઈ કાલે ૧ પત્ર તમારું મળ્યું. પ્રસંગે કંઈ પ્રશ્ન આવ્યે અધિક લખવાનું બની શકે.

ચિ. ત્રિભોવનદાસની જિજ્ઞાસા પ્રસંગોપાત્ત સમજી શકાઈ તો છે જ, તથાપિ જિજ્ઞાસા પ્રત્યે પુરુષાર્થ કરવાનું જણાવેલું નથી, તે આ વેળા જણાવું છું.

**પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા....**

મુમુક્ષુ :- પોતે જે ભૂમિકામાં હોય તે પ્રમાણે કરે?

બહેનશ્રી :- પોતાની ભૂમિકા પ્રમાણે પુરુષાર્થ કરી શકાય. માટે તેવો પુરુષાર્થ કરી અંતરમાં સ્થિર થવું, આકુળતા ન કરવી. મુનિરાજ તો ઉગ્ર ધ્યાન કરે છે, પણ દરેકે પોત-પોતાની હદ પ્રમાણે સમજી લેવું. સમ્યગ્દૃષ્ટિ પણ આત્માનું ધ્યાન કરે છે, પરંતુ મુનિની ભૂમિકા જુદી છે. જિજ્ઞાસુએ પોતાની ભૂમિકા પ્રમાણે કરવું, સંયોગથી પોતે ન્યારો થઈ વિચાર કરે કે આ બધું મારું સ્વરૂપ નથી, આ બધો ઉદય છે. હું તેનાથી જુદો છું. કોઈનો દોષ નથી, મારા પોતાના ઉદયને લઈને પ્રતિકૂળતા આવી છે માટે શાંતિ રાખવી. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૫૧)**

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ઓગસ્ટ-૨૦૧૮)નું શુલ્ક ધર્મેન્દ્રભાઈ ન્યાલચંદભાઈ વોરા, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**